**<u>રે.દિ.મુ.નં. ૧૦૫/૨૦૨૫</u>**

**<u>–: આંક–૧ તળે હુકમ :–</u>**

(૧) આ કામના વાદી–પ્રતિવાદીઓ તેમજ તેમના વિ.વ.શ્રીઓ કોર્ટ સમક્ષ હાજર છે. બન્ને પક્ષકારોએ આંક– ૧૧ થી કરાર દાદ રજુ કરી તેમાં વિગતવાર હકીકત જણાવેલ છે. આમ, પક્ષકારો વચ્ચે સમાધાન થઈ જતા તે અન્વયેની કરાર દાદ મુજબ હુકમ તથા હુકમનામુ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) વાદી–પ્રતિવાદી તરફે રજુ સદર કરાર દાદની હકીકતો તથા તેઓના વિધ્વાન વકીલશ્રીની રજુઆતો તથા કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, વાદીએ હાલનો દાવો વાદવાળી મીલકતની માલીકી અને કબજો ઠરાવી આપવા તથા આ કામના પ્રતિવાદીઓ સદર ઠામના વેચાણ, ટ્રાન્સફર કે તબદીલ કરતા અટકાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરુધ્ધ કાયમી મનાઇ હુકમ તથા ડેકલેરેશન મેળવવા અંગે પ્રતિવાદી વિરૂધ્ધ દાખલ કરેલ. દરમ્યાન દાવાની ઈન્સાફી કાર્યવાહી દરમીયાન વાદી–પ્રતિવાદી વચ્ચે ચાલુ દાવે સમાધાન થઈ જતાં બન્ને પક્ષકારોએ હાલની આંક– ૧૧ ની કરાર દાદ રજુ કરી તેમાં જણાવેલ વિગતવાર હકીકતો મુજબ સદર દાવાનો નિકાલ કરી આખરી હુકમનામું/સમાધાન ડિક્રી થવા દાદ માંગેલ છે.

(૩) ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને રાખતાં આ કામે બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને સદર આંક– ૧૧ ની કરાર દાદ અરજી મુજબની હકીકતો બન્ને પક્ષકારોને વાંચી સંભળાવવામાં આવેલ છે અને તે સમાધાન બન્ને પક્ષકારોએ કબુલ મંજુર રાખેલ છે, જે સંજોગોમાં પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન મુજબ સમાધાન ડિક્રીનો હુકમ કરવો ન્યાયિક અને ઉચિત જણાય છે, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-: હુકમ :-**

**૧.** વાદી તથા પ્રતિવાદીની સદર આંક- ૧૧ ની કરાર દાદ મંજુર કરવામાં આવે છે અને તે મુજબ સમાધાન ડિક્રી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આંક- ૧૧ ની કરાર દાદમાં જણાવેલ વિગતો મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૪-૦૩-૨૦૨૬
**સ્થળ :** માંડવી

**( મયુર સુભાષભાઈ ગેલોદ )**
એડીશનલ સિવિલ જજ, માંડવી-કચ્છ
કોડ નં.જી.જે. ૦૧૭૫૬